# ઈશરત કેસમાં પાંડેના ૩૧મી સુધીના જામીન મંજુર કરાયા

## સવારમાં છાતીમાં દુઃખાવાની ફરિયાદ બાદ હોસ્પિટલ ખસેડાયાઃ પાંડેને સોમવાર સુધીની જ રાહત અગાઉ હતી




અમદાવાદ, તા.૨૯

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા આઈપીએસ અધિકારી અને વર્તમાન એડિશનલ ડીજીપી પી.પી. પાંડે સુપ્રિમકોર્ટના ૨૯મી જુલાઈના રોજ કોર્ટમાં હાજર થવાના ફરમાન સામે કોર્ટમાં હાજર થવાને બદલે ગૂપચૂપ રીતે ગત શનિવારથી શહેરની શાહીબાગ ખાતે આવેલ ચંદ્રમણિ હોસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. પી.પી. પાંડેને છાતીમાં દુખાવો અને તાવના કારણે હોસ્પિટલમાં જવું પડ્યું છે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે. ઉપરાંત હોસ્પિટલના ડો. રૂપકુમાર અગ્રવાલે જણાવ્યું હતું કે પી.પી. પાંડેને ત્રણથી ચાર દિવસ હોસ્પિટલમાં રહેવું પડશે. બીજુ પી.પી. પાંડેએ એમ્બ્યુલન્સ મારફતે કોર્ટમાં હાજર રહી આગોતરા જામીન અર્થે અરજી દાખલ કરી છે જેમાં કોર્ટે પાંડેને ૩૧મી જુલાઈ સુધી આગોતરા જામીન મંજુર કર્યા છે. પી.પી. પાંડેએ ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં મહત્વની ભૂમિકા ભજવી હોવાની શંકાની તપાસ કરવા સીબીઆઈએ તેમને હાજર રહેવા કહ્યું હતું પરંતુ પી.પી. પાંડેએ મચક ન આપતા સીબીઆઈએ સ્પેશિયલ સીબીઆઈ કોર્ટમાં તેની ધરપકડ કરવા વોરંટ ઈસ્યુ કરવા માંગણી કરી હતી. કોર્ટે સીબીઆઈની માંગણી ગ્રાહ્ય રાખી તેની ધરપકડ કરવા વોરંટ ઈસ્યુ કર્યું હતું પરંતુ પી.પી. પાંડે ફરી એકવાર સીબીઆઈને મચક નહોતી આપી હતી ત્યારબાદ સીબીઆઈની અરજી પર કોર્ટે તેને ભાગેડુ જાહેર કર્યો હતો. જેમાં પાડેએ ધરપકડથી બચવા સુપ્રીમ કોર્ટ સુધી અલગ અલગ અરજીઓ કરી હતી.

પરંતુ સુપ્રિમકોર્ટે તેની તમામ અરજીઓ ફગાવી દીધી હતી અને તેની વિરૂદ્ધ આકરું વલણ અખત્યાર કરી ૨૯મી જુલાઈ સુધીમાં અમદાવાદ સ્થિત સ્પેશિયલ સીબીઆઈ કોર્ટમાં હાજર થવા ફરમાન કર્યું હતું પરંતુ પી.પી. પાંડે ગત શનિવારથી બિમારીનું કારણ આગળ મુકી શહેરના પોશ વિસ્તાર સ્થિત ચંદ્રમણિ હોસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. અને આગોતરા જામીન અર્થે એમ્બ્યુલન્સ મારફત બપોર પછી કોર્ટમાં હાજર થયા હતા.


# વટવા : ગૌમાંસની ગેરકાયદે હેરાફેરીના રેકેટનો પર્દાફાશ

અમદાવાદ, તા.૨૯

આજે સવારે કસાઈની કાર રસ્તા ઉર ઊભેલા ટ્રેલર સાથે અથડાતા ગૌવંશની કતલ અને ગૌમાંસની ગેરકાયદે થતી હેરાફેરીનું રેકેટ વટવા વિસ્તારમાંથી પકડી પડાયું છે. પોલીસના સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, વહેલી સવારે નારોલ-અસલાલી હાઈવે પરથી પસાર થઈ રહેલ ઈન્ડિકા ગાડી અકસ્માતનો ભોગ બની હતી. બેફામ ચાલી રહેલ ગાડી ટ્રેલર સાથે અથડાતા તેનો ખુરદો થઈ ગયો હતો. અને ગાડીમાં પડેલો ગૌમાંસનો જથ્થો રોડ પર પડી ગયો. ઘાયલ થયેલ કસાઈને નજીકના રહીશો સારવાર અર્થે હોસ્પીટલમાં મોકલી અપાયા હતો. આ અકસ્માતમાં કારચાલકે કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે ટકરાઈને ઉભા રહેલ ટ્રેલર સાથે ટકારાઈ હતી. ગભરાય ગયેલ ટ્રેલર ચાલક સ્થળ પરથી ભાગી ગયો હતો.

ગમખ્વાર અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા. ઈન્ડિકા ગાડીમાંથી મોટી માત્રામાં મળી આવેલ ગૌમાંસનો જથ્થો જોઈને લોકોમાં રોષની લાગણી જન્મી હતી. પોલીસને આ અકસ્માત અંગે જાણ કરાયા બાદ તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોંચી હતી. અને ગૌમાંસનો જથ્થો તેમજ ઈન્ડિયા ગાડીને કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ જ મારૂતિ સ્વીફ્ટ કારમાં ગાયની તસ્કરી કરતી ટુકડીને ઝડપી પડાઈ હતી ત્યારબાદ સીજી રોડ પરથી માલધારી યુવકની ગાયને ચોરી થઈ હોવાનો બનાવ સામે આવ્યો હતો.

## શબ્દાવલી - ૫૧૩૪




### આડી ચાવી

૧. ઘરેણાં (૪)
૪. જડતર વાળું (૩)
૬. ઘસવું (૪)
૭. સૂર્યનાં તેજની રેખા (૩)
૯. બરફના કટકા વરસે તે (૨)
૧૦. ઓછું (૨)
૧૧. તોહફા, ઈનામ, ભેટ (૪)
૧૩. ઘા, વ્રણ (૩)
૧૪. ભઠીયો, એના કામમાં કોઈ ... નથી (૪)
૧૬. એક તેલીબીયા (૨)
૧૮. દબાવવું, કરવું (૩)
૧૯. કટિપ્રદેશ, કમર (૨)
૨૦. એક વજનનું માપ (૨)
૨૧. ધીમું, ધીરૂં (૨)
૨૨. એક વજનદાર ઘટ્ટ પ્રવાહી (૨)

### ઊભી ચાવી

૧. આ લોકમાં ના હોય તેવું (૪)
૨. હેતુ, ઉદ્દેશ (૩)
૩. નાડી, નસ (૨)
૪. જવાની ક્રિયા (૨)
૫. પક્ષ ખેંચવો, પક્ષમાં બોલવું (૪)
૮. વેરણ છેરણ (૬)
૯. જાદુ, ઈલ્મ (૪)
૧૧. દેખરેખ નીચે કેદ રાખવું (૫)
૧૨. ઘણા ગુસ્સે થયા હોય ત્યારે કયાં જાઓ છો? નો જવાબ ... મારવા આપે (૨)
૧૫. મગ્ન, રત (૨)
૧૭. બકવાટ કરવો, કામ વગરનો... કરવો (૩)
૧૮. શ્વાસનો એક રોગ (૨)

### શબ્દાવલી ૫૧૩૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિટામીન (૪) તીરાડ (૭) રાયણ (૮) માફ (૯) ધાન (૧૧) ભારત (૧૩) ચરખો (૧૬) સકળ (૧૭) રમખાણ (૧૮) સંમત (૧૯) હુંસાતુંસી (૨૦) રોપા (૨૨) સાફ (૨૩) રમા (૨૪) જળ

**ઊભી ચાવી :-** (૧) વિરોધાભાસ (૨) મીરા (૩) નયન (૫) રામા (૬) ડફલી (૧૦) નરક (૧૨) તળ (૧૩) ચરમસીમા (૧૪) રમત (૧૫) ખોખા (૧૮) સંતુર (૧૯) હૂંફ (૨૦) રોજ (૨૧) પાળ

# મહાનગર ભાજપના વિવિધ મોરચાઓના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગરના વિવિધ મોરચાઓ માટે હોદ્દેદારોની વરણી કે સી પટેલ, રમીલાબેન બારા તથા મહાનગરના અધ્યક્ષ નીતિનભાઈ પટેલ અને મહામંત્રીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવી છે.

**યુવા મોરચો**
પદમસિંહ ચૌહાણ-પ્રમુખ
ધવલભાઈ દવે-મહામંત્રી
પ્રણવભાઈ પટેલ-મહામંત્રી

**અનુસૂચિત જાતિ મોરચો**
મહિપાલ પ્રભાકર-પ્રમુખ
ધીરુભાઈ ડોડિયા-મહામંત્રી
અરવિંદભાઈ પરીખ-મહામંત્રી

**બક્ષીપંચ મોરચો**
અંબાલાલ દરજી-પ્રમુખ
ભીસસી આહિર-મહામંત્રી
કાનાજી ઠાકોર-મહામંત્રી

**કિસાન મોરચો**
વિપુલભાઈ પટેલ-પ્રમુખ
રણછોડભાઈ પટેલ-મહામંત્રી
નિરંજનભાઈ બિહોલા-મહામંત્રી

# ગાંધીનગર નાગરિક સહકારી બેંક દ્વારા ઘનશ્યામ અમીનની વરણીને આવકાર

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન તાજેતરમાં કો-ઓપરેટીવ બેંક ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હીની યોજાયેલી ચૂંટણીમાં પાંચ વર્ષની ટર્મ માટે બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જે ગુજરાત રાજ્ય માટે ગૌરવની બાબત છે.

કો-ઓપરેટીવ બેન્ક ઓફ ઈન્ડિયા, ન્યુદિલ્હીએ રાષ્ટ્રની ક્રેડિટ સેક્ટરની મહત્વની એપેક્ષ સંસ્થા છે. જેમાં દેશની ઓલ સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કો, ઓલ અર્બન કો-ઓપરેટીવ બેન્કો, લેન્ડ મોર્ગેજ બેન્ક તથા નેશનલ કો-ઓપરેટીવ બેન્ક ફેડરેશનો તથા નેશનલ કો-ઓપરેટીવ ફેડરેશનો જેવી મહત્વની સંસ્થાઓ પ્રતિનિધિત્વ ધરાવે છે. આ સંસ્થા સમગ્ર રાષ્ટ્રની સહકારી ક્રેડિટ અને બેન્કીંગ ક્ષેત્રની અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન છે. આવી સહકારી બેન્કોનું પ્રતિનિધિત્વ કરવા માટે, ગુજરાતની સહકારી બેન્કોનો વ્યાપ વધારવા અને ટકાવી રાખવાના નેમ સાથે ઘનશ્યામભાઈ અમીનને ગાંધીનગર નાગરીક કો.ઓ. બેન્કના ચેરમેન અશોક પટેલ, વાઈસ ચેરમેન અશોકભાઈ આર. પટેલ તથા મેનેજીંગ ડિરેક્ટર ઘનશ્યામ પટેલ તથા બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

# રાધીવાડ ગામમાં શાળા નજીક ગંદકીનું સામ્રાજ્ય

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયુ છે. રાધીવાડ ગામમાં પ્રાથમિક શાળા જવાના રસ્તા પર ગ્રામ પંચાયત દ્વારા અડધો રોડ બનાવી બાકીનો બાકી રાખેલ હતો જેના કારણે વરસાદમાં ત્યાં ખાબોચીયા ભરાઈ જાય છે. નાના બાળકોને આવવા-જવામાં ખૂબ તકલીફ પડતી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

ગામ લોકો દ્વારા તલાટીને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ યોગ્ય નિકાલ કરવામાં આવતો નથી. આ ગંદકીના કારણે નાના બાળકોના આરોગ્ય સામે જોખમ ઉભુ થાય તે પહેલા ગ્રામ પંચાયત દ્વારા પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી ગ્રામજનોએ માંગણી કરી હતી. તલાટી તલાટી ગામમાં આવતા ન હોઈ ફોર્મ પર સંપર્ક કરતાં તે ફોર્મ પણ રીસીવ કરતા ન હોઈ સ્થાનિકોમાં રોષની લાગણી ફેલાઈ છે. તલાટી સત્વરે યોગ્ય પગલા નહી લે તો ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# પોરબંદર નપામાં પ્રમુખ અને ઉપપ્રમુખપદે ભાજપના સભ્યો

અમદાવાદ, તા. ૨૯

પ્રદેશ પ્રવકતા આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે આજરોજ પોરબંદર નગરપાલિકાની પ્રમુખ અને ઉપપ્રમુખની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના સભ્ય પંકજભાઈ ભીખુભાઈ મજેઠીયા પ્રમુખ તરીકે અને નિલેશભાઈ હિરાલાલ કિશોર ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. ૪૨ સભ્ય સંખ્યા ધરાવતી પોરબંદર નગરપાલિકામાં ભાજપના ૨૦ સભ્યો ઉપરાંત કોંગ્રેસના ૩ સભ્યો અને ૧ અપક્ષ સભ્યએ ભાજપના ઉમેદવારોના સમર્થનમાં મતદાન કરી પોરબંદર નગરપાલિકામાં ભાજપ પક્ષને શાસનધૂરા સોંપી હતી.

# રાજ્યના ૪૩ આઈપીએસ અધિકારીની બઢતી-બદલી

ગાંધીનગર, તા.૨૯

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ગુજરાત સરકારે રાજ્યના પોલીસતંત્રમાં ધરખમ ફેરફાર કરી એક સામટા ૪૩ આઈપીએસ અધિકારીઓની બઢતી બદલીઓના આજે આદેશ બહાર પાડી નજીકના ભવિષ્યમાં આઈએએસ અધિકારીઓની પણ વ્યાપક બદલીઓના અણસાર આપી દીધા છે. રાજ્ય સરકારે આજે જે ૪૩ આઈપીએસ અધિકારીઓની બઢતી અને બદલીઓના આદેશ બહાર પાડ્યા છે તેમા નીચે મુજબના આઈપીએસ અધિકારીઓને બઢતી આપી સામુહિક બદલીઓ કરવામાં આવી છે. બઢતી સાથે બદલી પામેલા આઈપીએસ અધિકારીઓની યાદી

| નામ | ક્યા મુકાયા |
|---|---|
| (૧) વી.એમ. પારધી | જોઈન્ટ કમિશ્નર ટ્રાફિક અને ક્રાઈમ સુરત શહેર |
| (૨) વિકાસ સહાય | ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ રક્ષાશક્તિ યુનિવર્સિટી અમદાવાદ |
| (૩) ડો. શમશેરસિંહ | એડિશનલ ડાયરેક્ટર એન્ટીકરપ્શન બ્યુરો અમદાવાદ તથા જોઈન્ટ કમિશ્નર ઓફ પુલિસ સ્પે. બ્રાન્ચ અમદાવાદ, વધારાનો હવાલો |
| (૪) એસ.જી. ભાટી | ડેપ્યુટ ઈન્સપેક્ટર જનરલ ઓફ પોલીસ સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગર |
| (૫) આઈ.એમ. દેસાઈ | ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (જેલ) અમદાવાદ |
| (૬) જે.કે. ભટ્ટ | એડિશનલ પોલીસ કમિશ્નર સેક્ટર-૧ અમદાવાદ તથા એટીએસ (ઓપરેશન) અમદાવાદના ડેપ્યુટી જનરલ ઈન્સપેક્ટર તરીકેનો વધારાનો હવાલો |
| (૭) મનોજ શશીધર | એડિશનલ પોલીસ કમિશ્નર સેક્ટર-૨ અમદાવાદ શહેર |
| (૮) એસ.એસ. ત્રિવેદી | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ સીઆઈડી (ક્રાઈમ) ગાંધીનગર |
| (૯) એન.એન. કોમાર | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ લો એન્ડ ઓર્ડર ગાંધીનગર |
| (૧૦) એ.કે. જાડેજા | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ બોર્ડર રેન્જ ભૂજ-કચ્છ |
| (૧૧) અનુપમસિંહ ગહેલોત | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ વડોદરા રેન્જ |
| (૧૨) ખુરશીદ અહેમદ | પ્રિન્સીપલ, પોલીસ ટ્રેનીંગ સ્કુલ વડોદરા |
| (૧૩) અમીત વિશ્વકર્મા | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો કમ કોમ્પ્યુટર સેન્ટર, ગાંધીનગર |
| (૧૪) રાજીવ રંજન ભગત | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ રેન્જ, ગાંધીનગર |
| (૧૫) બ્રિજેશકુમાર જહાં | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ (પીએનએમ) ગાંધીનગર |
| (૧૬) અજયકુમાર ચૌધરી | ઈન્સપેક્ટર જનરલ (ઈન્ટેલીજેન્સ-૨) ગાંધીનગર |
| (૧૭) પી.એન. પટેલ | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ ઈન્ટેલીજેન્સ-૧ ગાંધીનગર. |
| (૧૮) એચ.જી. પટેલ | એડિશનલ કમિશ્નર (ટ્રાફિક અમદાવાદ શહેર) |
| (૧૯) એસ.એમ. ખત્રી | અમદાવાદ મ્યુ. કોર્પો.માં ડેપ્યુટેશન ઉપર |
| (૨૦) કે.જી. ભાટી | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ હ્યુમન રાઈટ એન્ડ સોશીયલ જસ્ટીસ, ગાંધીનગર |
| (૨૧) એસ.જી. ત્રિવેદી | ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ (કોસ્ટલ સિક્યોરીટી એન્ડ ઈન્ટેલીજન્સ) ગાંધીનગર |
| (૨૨) ડી.એસ. ભટ્ટ | રાજ્યપાલના એડીસી તરીકે રાજભવન ગાંધીનગર |
| (૨૩) ડી.બી. વાઘેલા | એસપી (ઈન્ટેલીજન્સ) ગાંધીનગર |
| (૨૪) ડી.એન. પટેલ | એસ.પી. સુરેન્દ્રનગર |
| (૨૫) એમ.એ. ચાવડા | એસ.પી. દાહોદ |
| (૨૬) દિપાંકરર ત્રિવેદી | ડેપ્યુટી કમિશનર ઝોન-૨ વડોદરા શહેર |
| (૨૭) એસ.કે. ગઢવી | એસ.પી. પંચમહાર-ગોધરા |
| (૨૮) ગૌતમ એમ. પરમાર | એસ.પી. અમરેલી |
| (૨૯) સચિન બાદશાહ | ડેપ્યુટી કમિશ્નર (ક્રાઈમ) વડોદરા શહેર |
| (૩૦) રાઘવેન્દ્ર વત્સ | એસ.પી. (ઈન્ડેલીજન્સ) ગાંધીનગર |
| (૩૧) પ્રેમવીરસિંગ | સુપ્રિટેન્ડેન્ટ (સી.એમ. એન્ડ વીઆઈપી સિક્યોરીટી) ગાંધીનગર |
| (૩૨) એમ.એસ. બરાડા | ડેપ્યુટી કમિશ્નર ઝોન-૫ અમદાવાદ શહેર |
| (૩૩) બિપીન આહીરે | એસપી, ભરૂચ |
| (૩૪) આર.જે. પારગી | કમાન્ડન્ડ, એસઆરપીએફ ગ્રુપ-૧૫ ઓએનજીસી મહેસાણા |
| (૩૫) સૌરભ તોલમ્બીયા | એસપી જુનાગઢ |
| (૩૬) આર.એસ. ભગોરા | એસ.પી. (જેલ) અમદાવાદ |
| (૩૭) શોભા ભુતડા | ડેપ્યુટી કમિશ્નર ઝોન-૪ સુરત શહેર |
| (૩૮) સરાહ રીઝવી | ડેપ્યુટી કમિશ્નર રાજકોટ શહેર ઝોન-૨ |
| (૩૯) નિરજ બડગુજર | એસ.પી. જામનગર |
| (૪૦) વિરેન્દ્રસિંગ યાદવ | ડેપ્યુટી કમિશ્નર ઝોન-૧ અમદાવાદ શહેર |
| (૪૧) વિધી ચૌધરી | એસ.પી. કચ્છ પશ્ચિમ-ભૂજ |
| (૪૨) વિશાલકુમાર વાઘેલા | એસ.પી. રાજકોટ ગ્રામ્ય, |
| (૪૩) પી.વી. રાઠોડ | એસ.પી. પાટણ |

# પ્રદેશ ભાજપ મીડિયા કાર્ય શીબિરનું આજે આયોજન

## મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી, અરૂણ જેટલીજી, સ્મૃતિ ઈરાની અને નિર્મલા સીતારમન જેવા મહાનુભાવો ઉપસ્થિત રહેશે

અમદાવાદ, તા.૨૯

પ્રદેશ ભાજપના પ્રવક્તા આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે, આવતીકાલે ૩૦ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા એક દિવસીય મીડિયા કાર્યશીબીર યોજાશે. આ કાર્યશીબીરમાં રાજ્યના જુદા જુદા જિલ્લા અને મહાનગરોના મીડીયા કાર્યકર્તાઓ અને પ્રદેશના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. જાડેજાએ જણાવ્યું હતું કે આગામી લોકસભા ચૂંટણીઓના ઉપલક્ષ્યમાં પ્રસાર માધ્યમો સાથે સંકળાયેલા કાર્યકર્તાઓ માટે આ એકદિવસીય મીડિયા કાર્યશીબીરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યશીબીરમાં માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રાજ્યસભાના વિપક્ષના નેતા અરૂણ જેટલી, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સ્મૃતિ ઈરાની અને રાષ્ટ્રીય પ્રવક્તા નિર્મલા સીતારામન સહીત પ્રદેશના અગ્રણીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

ગાંધીનગર ખાતે યોજાનારી આ મીડિયા કાર્યશીબીરમાં કાર્યકર્તાઓને માધ્યમોમાં પક્ષની વિચારધારા, રાજ્ય સરકારની સફળ કામગીરી અને કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓને આક્રમક અને તાર્કિક રીતે રજુઆત કરવા માટેની પ્રવિધિઓથી તૈયાર કરાશે તેમજ ડીબેટ અને મીડીયાના વિવિધ આયામોથી સુદઢ કરાશે એમ આઈ.કે. જાડેજાએ ઉમેર્યું હતું.

# સાયબર સેનામાં જોડાવવા માટે ઓનલાઈન નોંધણી શરૂ કરાઈ

## ચૂંટણીમાં ભાજપ યુવા સાયબર સેનાને મેદાનમાં ઉતારશે : નવા યુવાનોની નિમણુંકો પણ શરૂ

અમદાવાદ, તા. ૨૯

લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીને ધ્યાનમાં રાખી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે પ્રદેશ ભાજપ દ્વારા યુવા સાયબર સેના તૈયાર કરવામાં આવી રહી છે. આઓ સાયબર સેના ચૂંટણી પ્રચારમાં એનડીએમાં સુશાસન વિરૂદ્ધ યુપીએનું કુશાસન નામે પ્રચાર કરીને ચૂંટણી જંગમાં જંપલાવશે. આ માટે પ્રદેશ ભાજપના આવી સેલમાં નવા યુવાનોની નિમણુંકો પણ શરૂ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીને ધ્યાનમાં રાખી પ્રદેશ ભાજપ દ્વારા યુવા સાયબર સેના તૈયાર કરવામાં આવી રહી છે. જેની નિમણુક પણ શરૂ કરી દેવામાં આવી છે. આ ટીમને ચૂંટણી જંગમાં ઉતારતાં પહેલા તાકીદ કરવામાં આવી રહી છે કે યુપીએ સરકાર સામે જે પણ જંગ છેડવામાં આવે તે આક્રમક હોય, પરંતુ સાથે સકારાત્મક હોય અને ભાષાનું તેમાં ખાસ ધ્યાન રાખવામાં આવે. આ સાયબર સેનામાં ભાજપ દ્વારા એવા યુવાનોનો જોડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે જેઓ હજુ સુધી રાજનૈતિક વિચારો સાથે જોડાઈ શક્યા નથી. છેલ્લા કેટલાક દિવસોથી ભાજપ યુવા મોરચા દ્વારા યુવા સાયબર સેનામાં જોડાવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન હાથ ધરવામાં આવ્યું છે. આઓ યુવા સાયબર સેના તૈયાર કરવાના ભાગરૂપે ભાજપના આઈટી ક્ષેત્રે કામ કરી રહેલા ૧૫૦ યુવાનોની ટીમ સાથે ભાજપના સિનિયર નેતાઓએ મીટીંગ કરી હતી. જેમાં અરૂણ જેટલીએ તેમને સંતુલિત અને તર્કપૂર્ણ દિશામાં કામ કરવા અને ભાષા પર સંયમ રાખવા માટે ખાસ સલાહ આપી હતી. આ કાર્યશીબીરમાં યુવાનો તરફથી ભાજપને સારો પ્રતિસાહ મળ્યો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયા દ્વારા ભાજપએ વર્ગો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

# શિશુ વિહારમાં ભાગવત કથામૃતનું આયોજન

ભાવનગર, તા. ૨૯

પ્રા. ડૉ. મહેશભાઈ પરિમલ દ્વારા શ્રાવણ માસમાં શિશુવિહાર પ્રાંગણમાં ભાગવત કથા યોજાશે.

અમદાવાદની એ.જી. ટીચર્સ કોલેજના પ્રાધ્યાપકશ્રી મહેશભાઈ પરિમલ સત્સંગ મંડળ અને સીનિયર સીટીઝન કલબના અધ્યક્ષ છે. તેઓની વિધ્વતાપૂર્ણ વાણીનો લાભ શ્રોતાઓને આપશે. ઓરિસ્સામાં ૧૦૦ ભકત સમુદાય સાથએ કથા યોજવામાં આવી હતી. આગામી ૮મી ઓગસ્ટથી સાંજના ૪ થી ૭ કથા યોજાશે.

# ગોધાવી પાસેની કેનાલમાં અમદાવાદના ૩ તરુણો તણાયા

અમદાવાદ, તા.૨૯

ગોધાવી પાસે આવેલી નર્મદા કેનાલમાં ૩ તરુણો તણાતા તેમના મોત નીપજ્યાં હોવાની ઘટના સામે આવી છે. મળતા વિગત અનુસાર, અમદાવાદના આનંદનગરમાં રહેતા ૪ કિશોરો ફરવા માટે બાઈક પર ગોધાવી ગામ પાસે નર્મદા કેનાલ ગયા હતા.

વરસતા વરસાદની મજા માણતા આ તરુણો કેનાલના કિનારે બેસીને મકાઈ ખાય રહ્યા હતા.ત્યાં એકાએક એક કિશોરની ચપ્પલ કેનાલમાં પડી ગઈ હતી. તેને કાઢવા માટે ૩ તરુણોએ પાણીમાં કુદયા. પાણીના ભારે પ્રવાહના પગલે તેઓ તણાય ગયા હતા. બચી ગયેલા કિશોરે તાત્કાલિક ફાયર બ્રિગેડ તેમજ પરિવારજનોને જાણ કરી હતી. ફાયરબ્રિગેડના જવાનોએ એક કલાકની ભારે જહેમત બાદ ત્રણેય મૃતદેહને બહાર કાઢયા હતા. આ બનાવની જાણ થતાં જ નજીકના રહીશો ત્યામ દોડી આવ્યા હતા.

### મૃત હાલતમાં... ● પહેલા પાનાનું ચાલુ

આવતીકાલે સવારે આ ગામ અને તળાવની મુલાકાતે જનાર છે. તેમની સાથે પંચાયતના, આરોગ્યના અધિકારીઓની ટીમ પણ જોડાશે.

ગાંધીનગર જિલ્લામાં આટલી મોટી સંખ્યામાં જળચર પ્રાણીના મોતના સમાચારે સૌને હચમચાવી દીધા છે. મત્સ્યોદ્યોગની ટીમ પણ સવારે જનાર હોવાના અહેવાલો છે. ચોમાસામાં ગામોના તળાવમાં પાણીની આવક થઈ રહી છે. માછલીઓના મૃત્યુ અંગેનું ચોક્કસ કારણ ટીમોની મુલાકાત બાદ જ જાણવા મળશે.